# પ્રસાર ભારતી

## નેશનલ સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

તારીખ : 29-06-2024 બપોરે : 1.20થી 1.30

વાર : શનિવાર

આકાશવાણી સમાચાર **સોનલ પરમાર** વાંચે છે.

---

- ✓ **પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલે સવારે 11 વાગે આકાશવાણી પરથી પ્રસારિત થનાર મન કી બાત કાર્યક્રમમાં વિવિધ વિષયો પર પોતાના વિચારો રજૂ કરશે.**
- ✓ **રાષ્ટ્રીય પરીક્ષા સંસ્થાએ યુજીસી નેટ સહિતની પરીક્ષાઓની નવી તારીખો જાહેર કરી.**
- ✓ લદ્દાખમાં નદી પાર કરતી વખતે ટેન્ક ડૂબતા ભારતીય સેનાના પાંચ જવાનો શહીદ.
- ✓ **સમગ્ર દેશમાં આગામી 48 કલાકમાં ચોમાસાના આગમનની આગાહી**
- ✓ **ટી 20 વિશ્વકપ ક્રિકેટની ફાઇનલ આજે ભારત અને દક્ષિણ આફ્રિકા વચ્ચે રમાશે.**

---

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી  સમાચાર પૂરા થયા)

# *PM MANN KI BAAT*

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલે સવારે અગિયાર વાગ્યે આકાશવાણી પરથી પ્રસારિત થનાર “મન કી બાત” કાર્યક્રમમાં વિવિધ વિષયો પર પોતાના વિચારો રજૂ કરશે. આ માસિક રેડિયો કાર્યક્રમની એક સો અગિયારમી કડી હશે. શ્રી મોદીના સતત ત્રીજી વખત પ્રધાનમંત્રી પદ સંભાળ્યા બાદ આ “મન કી બાત”ની પહેલી કડી હશે.

અગિયાર વાગ્યે હિન્દીમાં મન કી બાતના પ્રસારણ બાદ તેનો ગુજરાતીમાં ભાવાનુવાદ પ્રસારિત કરાશે. આ ઉપરાંત આવતીકાલે રાત્રે આઠ વાગે રાજ્યના બધા જ આકાશવાણી કેન્દ્રો પરથી મન કી બાત કાર્યક્રમના ગુજરાતી ભાવાનુવાદનું પુનઃ પ્રસારણ કરાશે.

આ કાર્યક્રમ આકાશવાણીના તમામ નેટવર્ક, એઆઈઆર ન્યૂઝ વેબસાઇટ અને ન્યૂઝ ઑન એઆઈઆર મોબાઇલ એપ પર પ્રસારિત કરાશે. ઉપરાંત આકાશવાણી સમાચાર, દૂરદર્શન સમાચાર, પ્રધાનમંત્રી કાર્યાલય તેમ જ માહિતી અને પ્રસારણ મંત્રાલયના યુ-ટ્યૂબ ચેનલ પરથી પણ તેનું જીવંત પ્રસારણ કરાશે.

# *NTA. UGC NET*

રાષ્ટ્રીય પરીક્ષા સંસ્થા – N.T.A.એ હાલમાં જ રદ અને મોકૂફ કરાયેલી પરીક્ષાઓ માટે નવી તારીખ જાહેર કરી છે.

N.T.A.એ ગઈકાલે જાહેર કરેલી સૂચનામાં જણાવ્યું કે, UGC નેટ જૂન 2024 પરીક્ષા હવે 21 ઑગસ્ટથી ચાર સપ્ટેમ્બર દરમિયાન લેવાશે. આ પરીક્ષા આ મહિનાની 18 તારીખે યોજાવાની હતી, પરંતુ તેના એક દિવસ પછી પરીક્ષા રદ થઈ ગઈ હતી. પરીક્ષાની વિશ્વસનીયતા જોખમાઈ હોવાની શિક્ષણ મંત્રાલયને માહિતી મળી હતી. સહાયક પ્રૉફેસર્સની નિમણૂક, Ph.D. અભ્યાસક્રમોમાં પ્રવેશ અને જૂનિયર

રિસર્ચ ફેલોશિપની શિષ્યવૃત્તિ માટે UGC નેટ પરીક્ષા યોજવામાં આવે છે. સંયુક્ત CSIR.-UGC નેટ જૂન 2024 પરીક્ષા હવે 25થી 27 જુલાઈએ લેવાશે. આ પરીક્ષા પણ મોકૂફ રાખવામાં આવી હતી.

ચાર વર્ષીય ઈન્ટિગ્રેટેડ ટીચર એજ્યુકેશન પ્રૉગ્રામ – I.T.E.P.માં પ્રવેશ માટે નેશનલ કૉમન એન્ટ્રન્સ ટેસ્ટ -N.C.E.T.ને મોકૂફ રાખવામાં આવી હતી. હવે આ પરીક્ષા 10 જુલાઈએ લેવાશે.

N.T.A.એ કહ્યું કે, અખિલ ભારતીય આયૂષ અનુસ્નાતક પ્રવેશ પરીક્ષા 2024 પોતાના મૂળ સમયપત્રક મુજબ 6 જુલાઈએ જ યોજાશે. આ ઉપરાંત N.T.A.એ ઉમેદવારોને વધુ માહિતી મેળવવા માટે તેની સત્તાવાર વેબસાઈટ www.nta.ac.in પર જવાની સલાહ આપી છે.

## *RAJNATH-LADAKH*

લદ્દાખમાં દૌલત બેગ ઓલ્ડી વિસ્તારમાં ટી-72 ટેન્ક ડૂબી જતાં તેમાં સવાર ભારતીય સેનાના પાંચ જવાન શહીદ થયા છે. આ જવાનો ગઈ રાત્રે શ્યોક નદી પાર કરતા હતા ત્યારે ટેન્ક ડૂબી જતાં આ દુર્ઘટના સર્જાઈ હતી. સંરક્ષણ મંત્રાલયના પ્રવક્તાએ સત્તાવાર નિવેદનમાં જણાવ્યું છે કે, જવાનો લશ્કરી તાલીમ પૂર્ણ કર્યા બાદ પરત ફરી રહ્યા હતા ત્યારે નદીમાં અચાનક જળ સ્તર વધી જતાં ટેન્ક ડૂબી ગઈ હતી.

આ દુર્ઘટના અંગે સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે શોક વ્યક્ત કર્યો છે. એક સોશિયલ મીડિયા પોસ્ટમાં શ્રી સિંહે કહ્યું, દેશવાસીઓ વીર જવાનોની સેવાને ક્યારેય ભૂલી શકશે નહીં. શ્રી સિંહે શહીદ જવાનોનાં પરિવારજનો પ્રત્યે સંવેદના વ્યક્ત કરી છે.

## *WEATHER*

ભારતીય હવામાન વિભાગે આગામી 48 કલાકમાં સમગ્ર દેશમાં ચોમાસાના આગમનની આગાહી વ્યક્ત કરી છે. આ આગાહી મુજબ, ઉત્તર-પૂર્વ ભારતના મોટા ભાગના વિસ્તારમાં મુશળધાર વરસાદ પડશે. સાથે જ આગામી ચાર-પાંચ દિવસ સુધી ઉત્તર પશ્ચિમ, મધ્ય અને પૂર્વ ભારતમાં ભારે વરસાદની પણ શક્યતા હવામાન વિભાગે વ્યક્ત કરી છે.

હવામાન વિભાગના વૈજ્ઞાનિકોએ કહ્યું કે, દક્ષિણ-પશ્ચિમ ચોમાસું હરિયાણા, પંજાબ અને પશ્ચિમી ઉત્તરપ્રદેશના કેટલાક વિસ્તાર સિવાય સમગ્ર દેશમાં પહોંચી ગયું છે. રાષ્ટ્રીય રાજધાની દિલ્હી-N.C.R. ઉપરાંત ગઈકાલે ઉત્તરાખંડ, ઉત્તરપ્રદેશ, રાજસ્થાન અને જમ્મુ-કાશ્મીરમાં વિવિધ ભાગોમાં ભારે વરસાદ વરસ્યો છે. જ્યારે દક્ષિણના રાજ્યમાં તો પહેલેથી જ વરસાદ વરસી રહ્યો છે.

હવામાન અને વિજ્ઞાન વિભાગના અધિકારીઓએ જણાવ્યું કે, દક્ષિણ-પશ્ચિમ ચોમાસું પશ્ચિમ રાજસ્થાનના કેટલાક અન્ય ભાગ અને પૂર્વ રાજસ્થાનના કેટલાક ભાગમાં આગળ વધ્યું છે.

## *AMARNATH YATRA- BATCH*

અમરનાથ યાત્રા માટે તીર્થયાત્રીઓની પ્રથમ ટુકડી આજે સવારે બાલતાલ અને નુનાવાન ખાતેના બેઝકેમ્પથી રવાના થતાં પવિત્ર યાત્રાનો પ્રારંભ થયો છે. આ યાત્રા સવારે બે માર્ગ પર શરૂ થઈ હતી,

અધિકારીઓએ જણાવ્યું હતું કે બંને માર્ગ પર યાત્રાળુઓની ટુકડીને સંબંધિત ડેપ્યુટી કમિશનરો, વરિષ્ઠ પોલીસ અને નાગરિક વહીવટી અધિકારીઓએ લીલી ઝંડી બતાવી હતી.

ઉલ્લેખનીય છે કે જમ્મુ અને કાશ્મીરના ઉપ-રાજ્યપાલ મનોજ સિન્હાએ શુક્રવારે સવારે જમ્મુના ભગવતી નગરમાં યાત્રી નિવાસ બેઝ કેમ્પથી શ્રદ્ધાળુઓની પ્રથમ ટુકડીને લીલી ઝંડી આપી હતી. આજે યાત્રાળુઓ અમરનાથ બાબાના દર્શન કરશે.

યાત્રાના સુચારુ આયોજન માટે સઘન સુરક્ષા વ્યવસ્થા કરવામાં આવી છે. ઉલ્લેખનીય છે કે, 52 દિવસની આ યાત્રા 19 ઓગસ્ટના રોજ પૂર્ણ થશે.

## *JHARKHAND - FREE ELECTRICITY*

ઝારખંડ સરકારે ઘરેલું ગ્રાહકોને દર મહિને 200 યુનિટ વીજળી વિનામૂલ્યે આપવાનો નિર્ણય કર્યો છે. મુખ્યમંત્રી ચંપાઈ સોરેનની અધ્યક્ષતામાં યોજાયેલી મંત્રીમંડળની બેઠકમાં આ નિર્ણય લેવામાં આવ્યો હતો. કેબિનેટ સચિવ વંદના દાડેલે કહ્યું કે, સરકાર આ માટે દર મહિને આશરે 21 કરોડ 70 લાખ રૂપિયાનો વધારાનો બોજ ઉઠાવશે. તેમણે કહ્યું કે લગભગ 41 લાખ 40 હજાર ગ્રાહકોને આનો લાભ થશે.

## *US REPORT-RELIGIOUS LEADERS*

ભારતમાં ભડકામણા ભાષણનું પ્રમાણ વધ્યું છે અને લઘુમતીઓનાં ધાર્મિક સ્થળો તથા મકાનોને તોડી પાડવામાં આવે છે એવા અમેરિકન વિદેશ મંત્રી એન્ટોની બ્લિન્કનનાં નિવેદનને ભારતનાં અનેક ધાર્મિક વડાઓએ ફગાવી દીધું છે. ઓલ ઇન્ડિયા સુફી સજદાનશીન કાઉન્સિલના પ્રમુખ અને અજમેરની દરગાહના આધ્યાત્મિક વડા સૈયદ નસીરુદ્દીન ચિશ્તીએ આંતરરાષ્ટ્રીય ધાર્મિક સ્વતંત્રતા અંગે અમેરિકાનાં અહેવાલને ખોટો અને ઉપજાવી કાઢેલો ગણીને વખોડી કાઢ્યો છે.

અજમેરના ચિશ્તી ફાઉન્ડેશનના પ્રમુખ હાજી સૈયદ સલમાન ચિશ્તીએ અહેવાલને ફગાવતા કહ્યું કે, અન્ય દેશોનાં અભિપ્રાયનો કોઈ અર્થ નથી. ભારતનું બંધારણ, કાયદો- વ્યવસ્થા અને માળખું આંતરિક બાબતોને સંભાળવા સક્ષમ છે.

સિંઘ સભા ગુરુદ્વારાના પ્રમુખ નિર્મલ સિંઘે પણ અહેવાલની ટીકા કરતા દાવો કર્યો હતો કે અમેરિકન અહેવાલ ખોટો છે. ભારત સુવર્ણ યુગમાં જીવી રહ્યો છે. ભારતીય સર્વ ધર્મ સંસદના રાષ્ટ્રીય સંયોજક મહર્ષિ ભૃગુ પીઠાધિશ્વર ગોસ્વામી સુશીલ મહારાજે જણાવ્યું કે, ભારત એક માત્ર એવો દેશ છે જ્યાં દરેક ધર્મ કે સમુદાયનાં લોકો સલામત છે.

## *T20 WORLD CUP*

આઈસીસી ટી-20 વિશ્વકપની ફાઈનલ મેચ આજે ભારત અને દક્ષિણ આફ્રિકા વચ્ચે બાર્બાડોસમાં રમાશે. આજની મેચ એટલા માટે પણ મહત્વની છે, કે ભારત વર્ષ 2013 પછી એક પણ આઈસીસી ખિતાબ જીતી નથી શક્યું. જ્યારે દક્ષિણ આફ્રિકા પણ પ્રથમ વાર પુરૂષ વિશ્વકપની ફાઈનલમાં પહોંચ્યું છે. ફાઈનલમાં પહોંચનારી આ બંને ટીમ આ ટૂર્નામેન્ટમાં અત્યાર સુધી એક પણ મેચ નથી હારી. ભારતની ટીમે અત્યાર સુધી તમામ પડકારોને પાર કરી લીધા છે. જોકે, આજની મેચમાં વરસાદની પણ સંભાવના હોવાથી તેની અસર મેચ પર પડી શકે છે.

## *CRACKET FACTORY ACCIDENT*

તામિલનાડુમાં વિરુધુનગર જિલ્લામાં સત્તુર ખાતે ફટાકડાની ફેક્ટરીમાં વિસ્ફોટ થતાં ચાર વ્યક્તિનાં મૃત્યુ થયા છે. ફેકટરીમાં 50 શ્રમિકો ફટાકડાનું ઉત્પાદન કરી રહ્યા હતા. ફટાકડા બનાવતી વખતે રસાયણનું મિશ્રણ કરતી વખતે આ દુર્ઘટના સર્જાઈ હતી. આગને ઓલવવા માટેનાં પ્રયત્નો ચાલુ છે. કાટમાળમાં શ્રમિકો દટાયેલા

છે કે નહીં તે અંગે જાણી શકાયું નથી. આગ સંપૂર્ણપણે કાબુમાં આવે પછી રાહત કાર્ય હાથ ધરવામાં આવશે.

## *REV. MAHA-ACCIDENT*

મહારાષ્ટ્રના મુંબઈ-નાગપુર એક્સપ્રેસ વે પર ગઈકાલે રાત્રે બે કાર વચ્ચે અકસ્માત થતાં છ લોકોના મોત અને અન્ય ચાર ઇજાગ્રસ્ત થયા હતા. પેટ્રોલ પુરાવ્યા બાદ કારચાલક રોંગસાઈડમાં જતા હતા તે દરમિયાન નાગપુરથી મુંબઈ જઈ રહેલી બીજી કાર સાથે અથડાતા આ અકસ્માત સર્જાયો હતો. અકસ્માતના ઇજાગ્રસ્તો જાલના જિલ્લા હોસ્પિટલમાં સારવાર હેઠળ છે.

## *INDIA-COLOMBO PROCESS*

ભારતે ગઈકાલે જિનીવા ખાતે આંતરાષ્ટ્રીય પ્રવાસન સંગઠન - IOM મુખ્યાલયમાં કાયમી પ્રતિનિધિ સ્તરની બેઠકમાં ‘કોલંબો પ્રક્રિયા’ના અધ્યક્ષ તરીકે પ્રથમ બેઠકની અધ્યક્ષતા કરી હતી.

કોલંબો પ્રક્રિયાનું સચિવાલય આંતરરાષ્ટ્રીય પ્રવાસન સંગઠન દ્વારા યજમાની કરવામાં આવે છે. વિદેશ મંત્રાલયના પાસપોર્ટ, વિઝા અને ભારતીય બાબતોના સચિવ, મુક્તેશ પરદેશીએ આગામી અધ્યક્ષ તરીકે વિશેષ સંબોધન કર્યું હતું. તેમણે કોલંબો પ્રક્રિયાના ઉદ્દેશ્યોની ચર્ચા કરી. ILO ને આગળ લઈ જવા અને તેના સભ્યો વચ્ચે ભાગીદારીને પ્રોત્સાહન આપવા ભારતની પ્રતિબદ્ધતા પર ભાર મૂક્યો હતો.

ભારતે આગામી બે વર્ષ માટે કોલંબો પ્રક્રિયાને વધુ મજબૂત કરવા માટે તેની કાર્ય યોજનાની રૂપરેખા આપી છે. વિદેશ મંત્રાલયે કહ્યું કે આ બેઠકમાં કોલંબો પ્રક્રિયાના ઉદ્દેશ્યો અંગે ભાગીદારી અને સહિયારી દ્રષ્ટિ પર સકારાત્મક ચર્ચા થઈ હતી.